# ગાંધીનગરમાં વિચરતી-વિમુક્તિ જાતિના ૮૦૦ લાભાર્થીઓને ૨.૨૮ કરોડની સહાય

## ગુજરાતના વંચિત-શોષિત-છેવાડાના માનવીના કલ્યાણની બહુવિધ યોજનાઓના અસરકારક અમલથી વિકાસની મુખ્યધારામાં લાવ્યા છીયે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે વંચિત, શોષિત, પીડિતોના વિકાસને વરેલી આ સરકારની તેમના વિકાસ માટેની બહુવિધ યોજનાઓના પરિણામે વંચિત-છેવાડાના વર્ગો વિકાસની મુખ્યધારામાં આવ્યા છે. એટલું જ નહિ, આર્થિક ઉન્નતિ દ્વારા સ્વરોજગારીથી સ્વાવલંબી અને સ્વમાનભેર જીવન જીવવાની તેમને તક મળી છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ગુજરાત વિચરતી અને વિમૂકત જાતિ વિકાસ નિગમ દ્વારા આયોજિત સમારોહમાં ૮૦૦ લાભાર્થીઓને સ્વરોજગારીના ૨.૨૮ કરોડના સહાય ચેકનું વિતરણ કર્યુ હતું.



સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રી આત્મારામભાઈ પરમાર, રાજયમંત્રી કેશાજી ચૌહાણ તથા નિગમના અધ્યક્ષ નાથાભાઈ ચૂનારા, નિયામક મંડળના સભ્યો અને વિશાળ સંખ્યામાં લાભાર્થી પરિવારો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. પંડિત દિનદયાળજીની અંત્યોદય ભાવનાને વાસ્તવિક રૂપ આપવા ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબ, વંચિત, છેવાડાના માનવીઓ માટે તેમજ વિચરતી જાતિના પરિવારો માટે અંત્યોદય યોજના તહેત અનાજ વિતરણ, આવાસ બાંધકામ માટે ઘરથાળના પ્લોટ અને આવાસ સહાય જેવી યોજનાઓ માટે આ વર્ષના બજેટમાં ૧૧૧૯ કરોડ જેવી જોગવાઈ સુનિશ્ચિત કરી છે.

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમારે વંચિતો-વિચરતી વિમૂકત જાતિના પરિવારોને પણ વિકાસના ફળો પહોચે અને તેઓમાં આત્મસન્માનની ભાવના જાગૃત થાય તે માટે કેન્દ્ર-રાજય સરકાર વંચિત કલ્યાણ યોજનાઓથી તેમની પડખે ઊભી રહેવાની છે તેવી કટિબદ્ધતા વ્યકત કરી હતી.

નિગમના અધ્યક્ષ નાથાભાઈ ચૂનારાએ સૌને સ્વાગત પ્રવચનથી આવકારી નિગમની યોજનાકીય વિગતો આપી હતી.

# મોડાસાની કુમકુમ સોસાયટીમાં રેતી ભરેલી ટ્રક અથડાતા વીજપોલ ધરાશાયી

મડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની એક રહેણાંક સોસાયટીમાં રેતી ભરેલા ટ્રકે સોસાયટીના પટાંગણમાં રહેલા વીજપોલ સાથે અથડાવી દેતા વીજપોલ ધરાશાયી થતા જીવતા વાયર તુટી પડતા સોસાયટીના રહીશોમાં અફડાતફડી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ યુજીવીસીએલ કચેરીને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી જઈ વીજપુરવઠો બંધ કરતા જાનહાની ટળી હતી. શહેરના માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં રોડ પર રહેલા વીજ થાંભલાઓ હટાવવા જવાબદાર તંત્ર અને સેવાસેતુ જેવા કાર્યક્રમોમાં રજૂઆત કરવા છતાં વીજપોલ હટાવાતા નથી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી કુમકુમ નગર સોસાયટીમાં રાત્રી દરમિયાન એક રેતી ભરેલી ટ્રક ખાલી કરવા માટે આવેલ હતી. તેને ડ્રાયવરે રેતી ખાલી કરી રીવર્સમાં ટ્રક હંકારતા વીજપોલ સાથે અથડાતા વીજપોલ ધરાશાયી થઈ જીવીત વાયરો સાથે વીજતાર રોડ પર પડતા અફડાતફડી મચી ગઈ હતી. વીજતાર રોડ પર ઉભેલી કાર પર પડતા આ ઘટના અંગે વીજતંત્રને ધ્યાન દોરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી વીજપુરવઠો બંધ કરી વિજતાર હટાવી લીધા હતા. વીજપોલ ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં વીજળી ડુલ થઈ ગઈ હતી. વીજપોલ ધરાશાયી થતા લોકો દોડી આવ્યા હતા અને રોષપૂર્વક જણાવ્યું હતું કે ટ્રકચાલક પીધેલી હાલતમાં હોવાથી અકસ્માતની ઘટના બની હતી.



# ઘઉંના ખેતરમાં જઈ પ્રૌઢની હત્યાના પ્રકરણે મુખ્ય આરોપીને જન્મટીપ

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકાના કલ્યાણપુરા ગામે બે વર્ષ અગાઉ ઘઉંના વાવેતરવાળા ખેતરમાં જઈ લાકડી વડે હુમલો કરી પ્રૌઢની હત્યા કરાયા અંગેનો કેસ આજ રોજ મોડાસાની જિલ્લા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા જજ એમ.જી.રાવલે એક આરોપીને જન્મટીપ અને અન્ય ચારને એક થી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

આજથી બે વર્ષ અગાઉ ભિલોડા તાલુકામાં કલ્યાણપુરા ગામની સીમમાં આવેલા ખેતરમાં ૫૦ વર્ષના પ્રૌઢની હત્યા થતા તત્સમયે તા ૬.૩ ૧૫ ના રોજ ભિલોડા પોલીસ મથકે ઈપીકો કલમ ૩૦૨, ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૫૦૪, ૫૦૬(૨), તેમજ બીપીએક્ટ ૧૩૫ મુજબ મરણજનાર દિનેશભાઈના પુત્ર સંજયકુમારે કલ્યાણપુરા ગામના એક મહિલા સહિત પાંચ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા આ અંગેના ગુનાની તપાસ પુરી થતા ચાર્જસીટ કોર્ટમાં રજૂ કરાતાં આ અંગેનો કેસ ચાલી જતા આજ રોજ કેસનો ચુકાદો આવ્યો હતો.

જમીન બાબતે મનદુઃખને કારણે તત્સમયે સર્જાયેલ આ કમનસીબ ઘટનામાં ઉશ્કેરાઈ જઈ મુખ્ય આરોપી રમેશ નારણભાઈ ગામેતીએ મરણજનાર દિનેશભાઈના માથાના ભાગે લાકડી ફટકારતાં લોહીલુહાણ હાલતમાં મરણજનાર દિનેશભાઈ ખેતરમાં જ ઢળી પડ્યો હતો તેને સારવાર માટે ખસેડાતાં ૫૦ વર્ષીય દીનેશભાઈનું મરણ નીપજ્યું હતું.

આ કેસમાં મહિલા આરોપી અરૂણાબેન કમલેશ ગામેતી, કમલેશ નારણ ગામેતી, અરવિંદ નારણ ગામેતી, ગૌરવ રમેશ ગામેતી અને મુખ્ય આરોપી રમેશ નારણ ગામેતી એમ પાંચ આરોપીઓના ગુનાની તપાસ પૂર્ણ થતાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ થયા પછી આ અંગેનો કેસ ચાલી જતા સરકારી વકીલ બી.આર.પંચાલની આધાર પુરાવા સહિતની ધારદાર રજૂઆતોને ધ્યાને લઈ જિલ્લા એડિશનલ સેશન્સ જજ એમ.જી. રાવલજીએ આ આરોપીઓ પૈકી મુખ્ય આરોપી રમેશ નારણભાઈ ગામેતીને ઈપીકો કલમ ૩૦૨ના ગુનામાં જનમટીપ અને રૂ.૨૦૦૦નો દંડ. દંડ ના ભરે તો ૩ માસની સાદી કેદની સજા ફટકારી હતી.

જ્યારે આરોપી અરૂણાબેન કમલેશભાઈ ગામેતીને ૩૨૩,૫૦૪ના ગુનામાં બે વર્ષની સાદી કેદ અને રૂ.૫૦૦ નો દંડ ફટકાર્યો છે જે ના ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ફટકારી છે. જ્યારે અન્ય ત્રણને ૩૨૩ના ગુનામાં એક સરખી એક વર્ષની સાદી કેદ અને રૂ.૫૦૦ દંડ અને આ રકમ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ફટકારી છે.

# મહેસાણા સિવિલ હોસ્પિટલમાં માનસિક આરોગ્ય જાગૃતિ સપ્તાહનું આયોજન

મહેસાણા, તા.૩

મહેસાણા સિવિલ હોસ્પિટલમાં માનસિક આરોગ્ય અંગેની જાગૃતિ વધારવાના હેતુથી ૦૨ એપ્રિલથી ૦૮ એપ્રિલ સુધી માનસિક આરોગ્ય સપ્તાહ ઉજવણીનું આયોજન કરાયું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા માનસિક આરોગ્ય અંગેની જાગૃતિ માટેની થીમ આ વર્ષે "હતાશા "ચાલો વાત કરીએ" રાખવામાં આવેલ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત પ્રોગ્રામમાં માનસિક આરોગ્ય જાગૃતિની વાત કરી છે.

હતાશા એ એવા પ્રકારની બીમારી છે જેમાં વ્યક્તિ ઓછામાં ઓછા બે અઠવાડીયા સુધી ઉદાસ રહે તેમજ રોજીંદી ક્રિયાઓ યોગ્ય રીતે કરી શકતો નથી. હતાશા ધરાવતી વ્યક્તિઓમાં અશક્તિ લાગવી, ભૂખમાં ફેરફાર, વધુ ઉંઘ કે અનિદ્રા ચિંતા, એકાગ્રતામાં ઘટાડો, બેચેની અસહાયતા, નિરાશા, અપરાધભાવ બિનઉપયોગી હોવાની લાગણી પોતાને ઈજા અથવા આત્મ હત્યા કરવાના નકારાત્મક વિચારો આવે છે.

જોકે હતાશા એ નિર્બળતાની નિશાની નથી જેનો ઉપચાર વાતચીતની પ્રધ્ધતિઓ, દવાઓ દ્વારા કે બન્નેના ઉપયોગથી સારવાર કરી શકાય છે. હતાશાની સારવાર શક્ય છે. આ માટે હતાશા લાગતી વ્યક્તિ વિશ્વાસું વ્યક્તિ સાથે વાત કરી હળવાશ અનુભવી શકે છે. આરોગ્ય કાર્યકર તેમજ દાક્તરની મદદ લઈ સારવાર મેળવી શકાય છે. આ ઉપરાંત મિત્રો અને કુટુંબીજનો સાથે રહો તેમજ નિયમિત કસરત તેમજ સમયસર ભોજન સાથે પુરતી ઉંઘ જરૂરી છે. આ ઉપરાંત વ્યસનોથી દુર રહેવું જરૂરી છે.

માનસિક રોગ વિભાગ, જનરલ હોસ્પિટલ મહેસાણા દ્વારા માનસિક આરોગ્યની ગુણવત્તા સભર સેવાઓ અને તાલુકા સ્તરે આપવામાં આવે છે તેમ મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવીલ સર્જનશ્રી મહેસાણા જનરલ હોસ્પિટલ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.



## મોડાસામાં સ્વદેશી માટે સહી ઝુંબેશ

અંગ્રેજોથી આ દેશને મુક્ત કરવાનો યશ વિદેશી માલની હોળીને ફાળે ફાળે જાય છે. આજે ફરીથી આપણે ચીન જેવા દેશોની વેપારીજાળમાં ફસાઈ રહ્યા છે. આપણી સ્વતંત્રતા જોખમમાં મુકી રહ્યા છે. સ્વદેશી અભિયાન અંતર્ગત મોડાસામાં આજે સહી ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં નીરવદન ભટ્ટ, ચૈતન્ય ભટ્ટ, અરવલ્લી જિલ્લા સ્વદેશી સંઘર્ષ સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષી, શબ્દસેતુના પ્રમુખ ડૉ. જીગ્નેશ સુથાર, કોર્પોરેટર નિકેષ પરમાર, વિનોદભાઈ પટેલ, સૈલેષભાઈ ભોઈ (પૂર્વ પ્રમુખ મોડાસા ન.પા.) નવનીતભાઈ પરીખ, મુકુન્દ શાહ અને પ્રો. સૈલેષ દવે તથા નગરજનો ઉપસ્થિત રહી સ્વદેશી અપનાવો દેશ બચાવોની ઝુંબેશ હેઠળ સહી અભિયાનમાં ઉપસ્થિત રહ્યા હતા.

## આ પણ વાંચીએ...

### ● આ યુવકને ટ્વીટર પર ફોલો કરે છે પીએમ નરેન્દ્ર મોદી

સમગ્ર દેશમાં જોરશોરથી ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનથી પ્રેરાઈને દિલ્હીના આકાશ જૈને પોતાની બહેનના લગ્નના કાર્ડ પર સ્વચ્છતા અભિયાનનો લોગો છપાવડાવ્યો હતો. જેની તસવીરોને તેમણે પીએમ મોદીને ટ્વીટર પર ટેગ કરી હતી. તે પછી પીએમ મોદીએ સ્વચ્છતા પ્રતિ લોકોની આ જાગૃતતાને ધ્યાને લઈ આકાશના આ પેજને રીટ્વીટ કર્યું છે. એટલુ જ નહી, પીએમ મોદી આકાશને ટ્વીટર પર ફોલો કરવા લાગ્યા છે.



### ● માછલી છોડી સમુદ્રી પક્ષી ખાવા લાગ્યુ આઈસક્રીમ

સમુદ્રની આસપાસ રહેતુ સીગલ નામનુ પક્ષી માંસાહારી છે. મોટાભાગે તે માછલીઓ ખાય છે. પરંતુ તાજેતરમાં કેલીફોર્નિયાની એક વિદ્યાર્થીની હાથમાં આઈસક્રીમ લઈ સમુદ્ર કિનારે ફરી રહી હતી. ત્યારે અચાનક જ એક સીગલ પક્ષી તેના હાથમાં રહેલ આઈસક્રીમ કોન પર બેસી ગયો હતો. અને આઈસક્રીમ ખાવા લાગ્યો હતો.



### ● રોજ બીયરબારમાં જાય છે આ જીરાફ

જોહાનીસબર્ગના લાયન પાર્કમાં રહેતો જીરાફ તેની નજીક આવેલા એક બીયરબારમાં દરરોજ પહોંચી જાય છે. બીયરબારમાં જીરાફને જોઈને પર્યટકો પણ ખુશખુશાલ થઈ જાય છે. બીયરબારનો માલીક જીરાફની આ ટેવ સારી પેઠે જાણે છે. તે તેને ખાવાનું પરોસે અને ડ્રીંક બનાવીને આપે પછી જ જીરાફ ત્યાંથી જાય છે.



### આખરે રાજીનામુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી અને તેઓ રાજીનામું આપવા તૈયાર છે. સુપ્રીમકોર્ટે સરકારને જણાવ્યું કે, જો પાંડે રાજીનામું આપવા તૈયાર હોય તો તેની અમલવારી કરાવો. જુલીયો રિબેરો નામના ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા પી.પી.પાંડેની નિમણૂંકને સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે, ઈશરત જહાં સહિત ચાર વ્યકિતના એન્કાઉન્ટરના કેસમાં સંડોવાયેલા પોલીસ અધિકારીને રાજય સરકાર પોલીસતંત્રનો સુકાની બનાવી શકે નહી. સીબીઆઈએ પાંડે સહિતના પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ હત્યા, કાવતરા સહિતના ગુનાઓ સબબ સક્ષમ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતુ અને જયારે આવા મહત્વના સંવેદનશીલ કેસનો ટ્રાયલ બાકી હોય ત્યારે પાંડેને રાજયના ડીજીપી પદે નિયુક્ત કરી શકાય નહી. જૂન-૨૦૦૪માં ઈશરત જહાં સહિત ચાર વ્યકિતઓને કોતરપુર વોટર વર્કસ પાસે એન્કાઉન્ટરમાં ઠાર મરાયા હતા. ગુજરાત પોલીસે આ ચારેય આંતકવાદીઓ લશ્કર એ તૌયબાના આંતકવાદીઓ અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મારવા આવ્યા હોવાનો દાવો કર્યો હતો. આ અગાઉ ફેબ્રુઆરી મહિનામાં થયેલી મામલાની સુનાવણીમાં સુપ્રિમ કોર્ટે આ સંદર્ભમાં ગુજરાત સરકારને નોટિસ જારી કરીને જવાબની માંગ કરી હતી. ર

### સામગ્રી પકડાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતા કહ્યુ હતુ કે હાલમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કેટલાક કેદીની સામે એફઆઈઆર દાખલ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ વધુ કાર્યવાહી કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. મોબાઈલ ડેટાની પણ તપાસ કરવામાં આવનાર છે. બારામુલ્લા જેલમાં ફોન અને અન્ય પ્રતિબંધિત સામગ્રી મળી આવ્યા બાદ સમગ્ર મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. કેટલીક નવી વિગત સપાટી પર આવી શકે છે. ૧૪ ફોનના ડેટામાં તપાસ કરવામાં આવી રહી છે. જેલમાં મળી આવેલા મોબાઈલ ફોનમાં વોટેસ અપના ઉપયોગ કરવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

### દેવા માફી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પક્ષોની નજર પણ કેન્દ્રિત થઈ ગઈ છે. કારણ કે ભાજપના સંકલ્પ પત્રમાં લોન માફીની વાત સ્પષ્ટપણે કરવામાં આવી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં શાસ્ત્રી ભવન ખાતે આ બેઠક યોજાનાર છે. અન્ય બાબતોની સાથે સાથે આ બેઠકમાં ખેડૂતો માટેની લોન માફીનો મુદ્દો મુખ્ય રીતે છવાશે અને આને મંજુરી આપવામાં આવશે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર દરમિયાન ભાજપે લોન માફીની વારંવાર વાત કરી હતી. કૃષિ પ્રધાન સૂર્યપ્રતાપ શાહીએ માહિતી આપતા કહ્યું છે કે સરકાર આ સંદર્ભમાં ઘડી કાઢવામાં આવેલી રૂપરેખા અને ખેડૂતોને આપવામાં આવેલા વચનોને પરિપૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ૧૯મી માર્ચના દિવસે નવી સરકારની રચના કરવામાં આવી હતી.

### પંચનું સૂચન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી કે બેલેટ પેપર મારફતે ચૂંટણી યોજાય તે જરૂરી છે. બીજી બાજુ ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યું છે કે એએપીને બિનજરૂરી દલીલો કરવાના બદલે પોતાના પરિણામોનું આત્મમંથન કરવું જોઈએ. ઈવીએમના ઉપયોગને લઈને કોઈપણ દુવિધા નથી. ચૂંટણી પંચે એમ પણ કહ્યું છે કે આને લઈને તમામ દુવિધા દુર કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતા એએપીને યાદ અપાવી છે કે મોક ચૂંટણી દરમિયાન સત્તાવાળાઓની નજરમાં કોઈપણ એવી સામગ્રી રજુ કરવામાં આવી ન હતી. પંજાબમાં વાસ્તવિક ચૂંટણી પહેલા મોક ચૂંટણી યોજવામાં આવી હતી. તે વખતે ઈવીએમ સાથે ચેડાના કોઈ નક્કર આંકડા મળ્યા ન હતા.

### ચેડા શક્ય જ છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આમ આદમી પાર્ટીને કહ્યું હતું કે તે ઈવીએમને દોષિત ગણવાના બદલે પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં પાર્ટીના દેખાવમાં આત્મમંથન કરે તે જરૂરી છે. આજે એએપીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પત્રકાર પરિષદ યોજી હતી અને ઈવીએમથી ચુંટણી કરાવવા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે ચુંટણી પંચને બેલેટ પેપરથી વોટીંગ કરાવવા ઉપર વિચારણા કરવી જોઈએ. દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે જ્યારે ઈવીએમ સાથે ચેડા કરવાની વાત કરવામાં આવી છે તો પોલીંગ બુથ ઉપર લાઈનમાં ઉભા રહેવાની વાત શું છે તેવા પ્રશ્નો લોકો કરી રહ્યા છે. મધ્યપ્રદેશના ભીંડમાં જે કંઈપણ થયું છે તે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર એક મોટો પ્રશ્ન ઉઠાવે છે. કેજરીવાલે કહ્યું હતું કે મધ્યપ્રદેશમાં પેટાચૂંટણીમાં ૩૦૦ ઈવીએમ કાનપુરમાં ગોવિંદનગરથી મંગાવવામાં આવ્યા હતા.

### સુધારણાની દરખાસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગોની આસપાસ પેવર બ્લોકનુ કામ કરવામાં આવતા લેવલીંગના અભાવે ચોમાસા દરમિયાન રસ્તાઓ પર વરસાદી પાણી ફરિ વળતુ હોવાથી માર્ગોનુ ધોવાણ થાય છે. માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન માર્ગોનુ યોગ્ય લેવલીંગ કરવામાં આવે તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરના ખ માર્ગને સિક્સલેન બનાવાની કામગીરીના અંતે ગ માર્ગને સિકસલેન બનાવાના કામની બજેટમાં જોગવાઈ કરવામાં આવી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોને અનુલક્ષી સે-૧ અને ૨ માટે કોર્પોરેશન દ્વારા નાણાંની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે આ કામગીરી પણ હાથ ધરવામાં ન આવતા સે-૧ થી ૫ માં રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર હોવાથી સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે.

### ચર્ચામાં ભાગ લીધો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨ સંકલ્પનો સભાગૃહ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો, તેમજ એક સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યએ પાછો ખેંચી લીધો હતો અને ૨ સંકલ્પોનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. સત્ર દરમિયાન જુદી જુદી સમિતિઓની કુલ ૧૬ બેઠકો મળી હતી અને ૨૦ અહેવાલો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. સત્રના છેલ્લા દિવસે 'મુસ્લિમ મહિલાઓને તલાક આપવાની પ્રથા' અંગેના છેલ્લા દિવસના પ્રસ્તાવ પર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન કુલ ૧૦ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. જ્યારે સભાગૃહના અવમાનના ચાર બનાવો બન્યા હતા. નિયમ-૧૧૬ અન્વયે મંત્રીનું ધ્યાન દોરતી સૂચના પર સભાગૃહમાં મંત્રીઓ દ્વારા જુદી જુદી બાબતો ઉપર આઠ નિવેદનો કર્યા હતા.

### શાળા પ્રથમ સ્થાને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણ મેળવી શકાય તે માટે શિક્ષણ કમિશ્નર દ્વારા શ્રેષ્ઠ શાળાઓની પસંદગીના માધ્યમથી આવી શાળાઓને પ્રોત્સાહીત કરવાની યોજના અમલી બનાવાઈ છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લામાંથી પણ શ્રેષ્ઠ શાળા પસંદગી માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાએ વિવિધ શાળાઓ વચ્ચે સ્પર્ધામાં શાળાઓની વિવિધ માપદંડોના આધારે પસંદગી કરવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડના જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં પણ આ સ્પર્ધા અન્વયે વરસોડા ગામની અનુપકુંવરબા માધ્યમિક શાળાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જયારે નગરની જે એમ ચૌધરી શાળા દ્રિતિય ક્રમે રહી છે. આ ઉપરાંત મગોડીની પી આર ઠક્કર શાળાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે શ્રેષ્ઠ શાળાની પસંદગી અન્વયે કમિટી દ્વારા અસરકારક વર્ગકાર્ય, સહઅભ્યાસી પ્રવૃતિ,પરિણામલક્ષી લોકભાગીદારી ભણતરની સાથે ભાવાવરણ સહીતના પરિબળો ધ્યાને લેવામાં આવે છે.

### દિક્ષાંત પરેડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમનું દાયિત્વ બને તેવી પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, પીએચડી, અનુસ્નાતક અને ઈજનેરી વિદ્યાશાખાની પદવી ધરાવતા આ નવયુવાન પોલીસ અધિકારીઓ તેમના જ્ઞાન કૌશલ્યનો ઉપયોગ વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં સોશ્યલ મીડિયાનો વ્યાપક સદુપયોગ કાયદો વ્યવસ્થા જાળવણીના આયામોમાં કરે તે અપેક્ષિત છે. વિજય રૂપાણીએ નવપ્રશિક્ષિત યુવા પોલીસ અધિકારીઓના જ્ઞાન તજજ્ઞતા અને અનુભવી પોલીસ અધિકારીઓના અનુભવ ભાથાનો સમન્વય કરી પોલીસદળનું મોરલ ઉચું જાય, પોલીસ બેડાની ગરિમા વધે અને રાજ્યનું ગૌરવ થાય તેવી કાર્યપધ્ધતિની પણ હિમાયત કરી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પોલીસ બેડાની કપરી અને કઠોર ફરજો બાવજુદ પણ વિનય વિવેકની ક્ષમતા જાળવીને પ્રજાના મિત્ર તરીકેની જવાબદારી કર્મઠતા દાખવી નમ્રતાભર્યા વ્યવહાર અને ગુનેગારો ખોટું કરનારાઓ પ્રત્યે ક.ક વલણ એમ ડ્યુઅલ એન્ટીટીથી તમારે સેવાદાયિત્વ અદા કરવાનું છે. વિજય રૂપાણીએ અસત્ય માથું ન ઊંચકે તેમજ ખોટું કરનારાઓ ગુનાખોરી કરનારાઓ સમાજજીવન પર સવાર ન થાય તેવી નૈતિક જિમ્મેદારી સાથે પ્રજાની સુરક્ષાના પ્રહરી બનવાની શિખ આ અધિકારીઓને આપી હતી. મુખ્યમંત્રીએ મનનીય ચિંતન રજુ કરતાં ઉમેર્યુ કે, પોલીસ સેવામાં પર્દાપણની તક એ રાજ્યના નાગરિક સમુદાયની સુરક્ષાના નિગેહબાન તરીકેની તક છે. આપણે સૌ નાગરિકોને એવી પ્રતિતી કરાવીએ કે, અમે તમારી સુરક્ષા માટે સતત જાગૃત છીએ તમે ચૈનથી આરામથી જિંદગી જીવો. તેમ પણ મુખ્યમંત્રીએ નવપ્રશિક્ષિત પીએસઆઈને સમાજરક્ષાની ભાવના ઊજાગર કરતા પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું હતું. તેમણે તાલીમ દરમિયાન શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનારા ૧૨ જેટલા પીએસઆઈને ટ્રોફીથી સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રીએ પોલીસદળમાં ફરજ દરમ્યાન વિરગતિ પામેલા શહીદોની શૌર્યગાથા પ્રસ્તુત કરતા પુસ્તકનું વિમોચન તથા ૪૦૦ મીટર લંબાઈના ૬.૮૦ લાખના સિન્થેટિક ટ્રેક, ૨૭.૯૨ કરોડના અદ્યતન વિદ્યાભવન અને સેન્ટ્રલ ડાયનિંગ હોલના લોકાર્પણ કર્યા હતા.

### વળતર અટવાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવી છે. જો કે આ અંગે કોઈ હાલ 'મગનું નામ મરી પાડવા તૈયાર નથી.' આજે પ્રથમ દિવસે એડવાન્સ વેરો ભરનારાઓએ સવારથી લાઈન લગાવી હતી અને સાડા છ લાખ જેટલી વસુલી થઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. જો કે એડવાન્સ વેરો ભરનારાઓ જ્યારે પૃચ્છા કરતાં જાણવા મળ્યું હતું કે ડીજીટલ પેમેન્ટથી વળતર આપવાનું થશે તો તે તમારા ખાતામાં જમા આપવા અંગે કમિશનરકક્ષાએથી નિર્ણય થઈ આવે થઈ શકશે બાકી અત્યારે માત્ર ૧૦ ટકા રિબેટ મળશે.